**તા. ૮/૮/૨૫ : ગુજરાત સાયન્સ સીટી ખાતે "બાળ ઉર્જા રક્ષક દળ"** (**BURD**) કાર્યક્રમ અંતર્ગત **STEM** શિક્ષણ મિશન સાથે ધો- ૬ થી ૮ નાં વિદ્યાર્થીઓમાં ઉર્જા સંરક્ષણ અને પર્યાવરણીય જાગૃતિને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. શાળાનાં શિક્ષિકા હિનાબેન ભાવસાર, પલ્લવીબેન મહિડા, અદિતિબેન જોરાવિયા દ્વારા ક્વીઝ, ચિત્રકામ જેવી સ્પર્ધાઓ યોજાય અને માહિતી આપી.








**તા. ૧૪/૮/૨૫ : જન્માષ્ટમી પર્વની ઉજવણી :** વિદ્યાર્થીઓ તહેવારોનાં મહત્વને સમજે, તેની મજા માણે એ હેતુથી શાળામાં કૃષ્ણ જન્મોત્સવની ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા શ્રીકૃષ્ણનાં જીવનચરિત્રને રજૂ કરતાં નાટક, ગીત, ભજન રજૂ કરવામાં આવ્યાં હતાં.





**તા. ૨૨/૮/૨૫ : જિલ્લા કક્ષા મહાકુંભ**માં શાળાનાં શિક્ષિકા શ્રીમતિ પ્રજ્ઞાબેન પ્રજાપતિ નિર્ણાયક તરીકે કામગીરીમાં જોડાયાં.



**તા. ૪/૯/૨૫ :** શિક્ષકદિન નિમિતે ધો- ૬ થી ૮નાં વર્ગખંડોમાં ધો- ૧૨ નાં વિદ્યાર્થીઓએ સ્વશાસન દિન ઉજવણી શિક્ષકો તરીકેનો કાર્યભાર સંભાળ્યો. ઉમદા શિક્ષક કાર્ય કર્યું.

**તા. ૩૦/૯/૨૫ : નવરાત્રી પર્વ** નિમિતે ધો- ૬ થી ૮ માં બેસ્ટ ડ્રેસીંગ બેસ્ટ એકશન જેવી સ્પર્ધાઓ યોજાય. વિદ્યાર્થીઓ ટ્રેડીશનલ વસ્ત્રમાં સજ્જ થઇ ગરબાની રમઝટ માણી.





**તા. ૪/૧૦/૨૫ : પ્રથમ સત્રાંગ પરીક્ષાની વાલી મિટિંગ** નારાયણ બાપુનાં આશ્રમ સ્થળે યોજવામાં આવી. જેમાં પ્રથમ પરીક્ષાનાં પરિણામનાં આધારે વિદ્યાર્થીઓને મેરિટનાં આધારે A, B, C, D, E, F જેવાં ગૃપમાં વર્ગીકૃત કરવામાં આવ્યાં. રીઝલ્ટનાં આધારે જે તે વિષય શિક્ષક દ્વારા યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું.



